**C.C.NO.46/2015**

**–ઃ આંકઃ૧ લગત હુકમ ઃ–**

**૧.** આજરોજ કેસ રેકર્ડને ધ્યાને લેતા, આરોપી વિરૂદ્ધ સમન્સ પ્રકારનો કેસ છે. આરોપીઓ ને પ્રોસેસ ઈશ્યુ કરવા છતા તે બજે અથવા વગર બજે પરત આવેલ નથી.

**૨.** ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરીટીના પરિપત્ર ક્રમાંક નં.૧૭૮/૧૮, તા.૨૩/૦૧/૨૦૧૮ અનુસંધાને આજરોજ લોક–અદાલતમાં સ્પેશીયલ સીટીંગનું આયોજન કરી, કેસોનો નિકાલ કરવાનું જણાવવામાં આવેલ છે.

**<u>કલમઃ૨૫૮ , કેટલાક કેસમાં કાર્યવાહી બંધ કરવાની સત્તા</u>**

**ફરીયાદ પરથી દાખલ થયેલા હોય** તે સિવાયના કોઈ સમન્સ કેસમાં પ્રથમ વર્ગના મેજીસ્ટ્રેટ અથવા ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની પુર્વ મંજૂરીથી અન્ય કોઈ પણ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, ચુકાદો ઘોષિત કર્યા સિવાય તેના કારણો નોંધીને **કોઈપણ તબક્કે કાર્યવાહી બંધ રાખી શકશે** તથા મુખ્ય સાહેદોનો પુરાવો નોધ્યા બાદ આવી કાર્યવાહી બંધ રાખવામાં આવી હોય, તો નિર્દોષ ઠરાવી મુક્ત કરતો ચુકાદો ઘોષિત કરી શકશે તથા અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મુકશે તથા આવા છુટકારાથી બિનતહોમતે મુક્ત કરવામાં આવે, તેવી અસર થશે.

**3.** આમ, આ કલમ વંચાણે લેતા, સ્પષ્ટ છે કે, ફરીયાદ પરથી દાખલ થયેલા હોય, તે સિવાયના કોઈ સમન્સ કેસમાં આ અદાલતને ચુકાદો ઘોષિત કર્યા સિવાય તેના કારણો નોંધીને કોઈપણ તબક્કે કાર્યવાહી બંધ રાખી શકવાની સત્તા આપવામાં આવે છે. વધુમાં જો મુખ્ય સાહેદોનો પુરાવો નોંધ્યા બાદ કાર્યવાહી બંધ રાખવામાં આવે, તો આરોપીને નિર્દોષ ઠરાવી, મુક્ત કરવો જોઈશે અને જો અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મૂકશે અને આવા છુટકારાથી બિન–તહોમત મુક્ત કરવામાં આવે, એવી અસર થશે. આ કલમ પરથી એ પણ સ્પષ્ટ થાય છે કે, જ્યારે મુખ્ય સાહેદનો પુરાવો લેવાયો ન હોય, તો આરોપીને મુક્ત કરવામાં આવે, ત્યારે બિન–તહોમત મુક્ત કરવામાં આવ્યા હોય, તેવી અસર થાય છે

અને તે કારણે આરોપી સામે ભવિષ્યમાં નવેસરથી કાર્યવાહી આગળ ચલાવી શકાય અને ત્યારે આરોપી સામે ફોજદારી કાર્યરીતી અધિનીયમ કલમ-૩૦૦ (૧) અને (૫) નો બાધ આવશે નહી. વધુમાં આ કલમથી અદાલતને પ્રોસીડીંગ રિવાઈઝ કરવાની પણ સત્તા આપવામાં આવેલ છે.

૪. આમ, ઉપરોક્ત કાયદાકીય જોગવાઈ તેમજ વર્તમાન આરોપીઓ સામેનું સમગ્ર ચાર્જશીટ ધ્યાને લેતા સમન્સ ટ્રાયેબલ ગુનાનો આક્ષેપ છે. હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી, ફરીયાદ કલમ-૨(ઘ) પરથી શરૂ થયેલ નથી. રેકર્ડ જોતા, આરોપીઓને પ્રોસેસ કરવા છતાં બજેલ કે વગર બજે પરત આવેલ છે/નથી. એવા સંજોગમાં હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી કાયદા મુજબ આગળ ચલાવવી ન્યાયના હિતમાં ઉચિત જણાતી ન હોઈ, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -ઃ હુ ક મ ઃ-

➔ હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી, ફોજદારી કાર્યરીતી અધિનીયમની કલમ-૨૫૮ હેઠળ બંધ કરી, આરોપીઓને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

➔ આ કામે જો મુદ્દામાલ કબજે કરવામા આવેલ હોય અને તે બાબતે અગાઉ વચગાળાનો હુકમ કરવામા આવેલ હોય તો કાયમી કરવામા આવે છે. અન્યથા કબજે કરેલ મુદ્દામાલ અનુસંધાને ક્રિમીનલ મેન્યુઅલ મુજબ કાર્યવાહી કરવી.

આજ તા.૦૮/૦૯/૨૦૧૮ ના રોજની લોક-અદાલતમાં હુકમ જાહેર કર્યો.

તારીખ:૦૮/૦૯/૨૦૧૮.

મુકામઃ અમદાવાદ.

(એન.પી.રાડીયા)
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ,
કોર્ટ નં.૨૩,અમદાવાદ.
કોડ નંબર:જીજે-૦૦૬૨૧.

આર.કે.સોનારા.